N3000096

# GUJARATI

***Maximum Marks: 80***
***Time Allotted: Three Hours***
***Reading Time: Additional Fifteen Minutes***

## Instructions to Candidates

1. You are allowed an **additional fifteen minutes** for **only** reading the question paper.
2. You must **NOT** start writing during reading time.
3. This question paper has **11 printed pages and one blank page**.
4. It is divided into **two sections: Section A and Section B**.
5. It has **fifteen questions** in all.
6. **Section A** has **three questions.** All questions are compulsory.
7. While attempting **Multiple Choice Questions** in Section A, you are required to **write only ONE option as the answer**.
8. **Section B** has **twelve questions**. You are required to attempt **any four** questions in this section on **any three** out of the four prescribed textbooks.
9. The intended marks for questions are given in brackets [ ].

## Instruction to Supervising Examiner

1. Kindly read **aloud** the Instructions given above to all the candidates present in the examination hall.



***© Copyright reserved.***

## SECTION A
## LANGUAGE - 40 MARKS

**Question 1** **[15]**

**Write a composition in approximately 400 words in Gujarati on *any one* of the topics given below.**

**નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર ગુજરાતીમાં આશરે 400 શબ્દોમાં નિબંધ લખો.**

(i) તમારી શાળામાંથી તમે કોઈ એક શૈક્ષણિક પ્રવાસે ગયા હતા. ત્યાં ઉજવાતા એક તહેવારની ઉજવણીમાં તમે ભાગ લીધો, તે દ્વારા તમે શું શીખ્યા? તે ભારતની સાંસ્કૃતિકતાને કઈ રીતે વિશેષ બનાવે છે તેનું વિવરણ કરો.

(ii) તમે અને તમારા માતા-પિતા એક સાંજે એક વિસ્તૃત કૌટુંબિક પરિવાર સાથે ભોજન માણ્યું તે સંયુક્ત પરિવારને મળી તેમની રહેણી-કરણી અને સ્વભાવ જાણી તમને થયેલી અનુભૂતિ આલેખો.

(iii) આજના ટેક્નો-સેવિ શિક્ષણે બાળકને પ્રકૃતિ અને ભાવ-જગતથી વિમુખ કરી દીધો છે. આ કથનની વિરુદ્ધ કે તરફેણમાં તમારું મંતવ્ય રજૂ કરો.

(iv) ૨૦૪૦ માં પ્રગતિશીલ ભારતની મારી કલ્પના....તમારા મનમાં ઊઠતાં તરંગોની વિભાવના કરો.

(v) આધુનિક બાંધકામ અને ઊંચા મકાનો આપણી કુદરતી સંપત્તિ અને માનવ-જીવનને કઈ રીતે હાનિકારક છે અને તેની સારી-માઠી અસરોનું વર્ણન કરો.

(vi) નીચે આપેલા વિષયમાંથી કોઈપણ એક વિષય પર મૌલિક વાર્તા કે પ્રસંગ લખો.

(a) પરોપકાર

(b) પરિવર્તન – સંસારનો નિયમ

**Question 2**

**Read the passage given below carefully and answer the questions that follow, using your own words in Gujarati.**

**નીચે આપેલ પરિચ્છેદને ધ્યાનથી વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો.**

એક હતો ભિખારી. યુવાન અને તગડો. પણ ભારે આળસુ. કામ કરવાનું નામ આવે ત્યાં ટાઢ ચડે. ભીખ માંગવામાં ય આળસ. આળસુ માણસ ગરીબ રહે એમાં શી નવાઈ! ગરીબી એ આળસની સગી બહેન છે. એક દિવસ એ કોઈ બંગલામાં ભીખ માંગવા ગયો. ઊલટો શેઠે તેને તતડાવી મૂક્યો: "જા..નીકળ મારા ઘરથી. આવો તગડો થઈને ભીખ માંગે છે? મફતનું ખાતા શરમ નથી આવતી? એ કરતાં કામ કરીને ખાને!"

ભિખારી તો બબડતો બહાર નીકળી ગયો. મનમાં બોલ્યો: "હાય! હાય! કેવા લોકો છે? દાન-પૂણ્ય કાંઇ સમજતા જ નથી ! ઘરમાં અઢળક પૈસા છે તોય આપતા નથી."

એક વખત આ ભિખારીએ કોઈ ઉદાર શેઠની પ્રશંસા સાંભળી ત્યાં પહોંચી ગયો. ને કહેવા લાગ્યો: "શેઠજી હું દુનિયાનો દુઃખીમાં દુઃખી માણસ છુ. નસીબે મને કાંઈ જ આપ્યું નથી. ભીખ માગવા જાઉં તો તે ય મળતી નથી. દયા કરી કાંઈક તો આપો."

શેઠે કહ્યું: "શું તારી પાસે કાંઈ જ નથી? મને લાગે છે તારી પાસે ઘણું ઘણું છે. તારી એક આંખ મને આપી દે તો હું તને ૨૫ હજાર રૂપિયા આપું. બંને આંખો આપી દે તો પૂરા પચાસ હજાર રૂપિયા આપું . છે તૈયાર?" "ના.. ભાઈ સા'બ આંખ-બાંખ હું ના આપું. કરોડો રૂપિયા આપો તો ય ના આપું. હું પોતે આંધળો કે કાણો થઈ જાઉં પછી રૂપિયાનું શું કરું?"

જો તારા બે હાથ આપીશ તો ૫૦ હજાર રૂપિયા આપીશ. "ના..શેઠજી! હાથ વિના તો કામ શી રીતે થાય? ખવાય પણ શી રીતે?" "ઠીક ત્યારે બે પગના ૧ લાખ રૂપિયા આપું. આપવા છે ?" "બિલકુલ નહીં, પગ વિના તો હું લંગડો થઈ જાઉં, ચાલી જ ન શકું પછી રૂપિયાનું અથાણું કરું?" "તો એમ કર તારું હૃદય આપી દે તો બે લાખ આપું." "શેઠજી, હૃદય વિના માણસ જીવી જ ન શકે. એ શી રીતે અપાય?"

"તારી પાસે આવા અમૂલ્ય અંગો છે તો ભીખ માગતો શા માટે ફરે છે? દરેક માણસ જેવો જ તારો દેહ છે, શેઠિયા જેમ 24 કલાકનો દિવસ છે, એક મિનિટ પણ ઓછી નથી. બીજા ભિખારીઓ મહેનત કરી આગળ વધે છે. તું કેમ મહેનત નથી કરતો? યાદ રાખ 'આળસ એ જીવતા માણસની કબર છે' આળસ ખંખેરીને નક્કી કર, મારે મફતનું તો નથી જ ખાવું."

ભિખારીએ શેઠની શીખ માની. ભીખ માંગવાનુ છોડયું. ઉદાર શેઠે પોતાને ત્યાં જ નોકરીએ રાખી દીધો. શેઠે સમજાવ્યું: "ભાઈ, તું હવે ભિખારી નથી. મારા જેવો જ શેઠ તું બની ચૂક્યો છે. આ માનવ-દેહ શેઠ બનવા નથી મળ્યો પણ ધર્મ માટે મળ્યો છે. પૈસા મેળવવા એ જીવનનું લક્ષ્ય નથી. પરિશ્રમ વગર ભીખ માંગવી અને પૈસામાં રચ્યા-પચ્યા રહેવું એ પાપ છે. માટે હવે ધર્મ તરફ મન વાળ."

પ્રેમથી કહેવાયેલા શબ્દોને કારણે નવા શેઠ ધાર્મિક બની પૈસો સન્માર્ગે વાપરવા લાગ્યા. આપણે સહુને મળેલા આ અદભુત મગજ, હૃદય, આંખ, કાન વગેરે ઉપયોગ કરી આત્માને શોધવા ઉદ્યમ કરવો જોઈએ.

**પ્રશ્નો:**

(i) ભિખારીનો સ્વભાવ કેવો હતો? ધૂત્કારાયેલો ભિખારી શું વિચારતો? [3]

(ii) ઉદાર શેઠે ભિખારીને કઈ શરતોએ ભીખ આપવાનું વિચાર્યું? [3]

(iii) ભિખારીએ તેના કોઈ પણ અંગ આપવાની ના કેમ કહી? [3]

(iv) બંગલાના માલિકે ભિખારીને તગેડી મૂક્યો.

(a) આ વાતમાં માલિકનો કયો ભાવ પ્રગટ થયો છે? [1]

(1) તે આળસુ, તગડો, મફતનું ખાવાની વૃત્તિવાળો.

(2) તે કામચોર હતો.

(3) ભિખારી, દુ:ખી હોવાનો.

(4) કામ કરીને ખાતો હતો.

(b) માનવં-દેહને અમૂલ્ય કહ્યો છે કારણ.... [1]

(1) તેની પાસે પાંચ ઇન્દ્રિયો છે.

(2) તે ધાર્યું બધુ જ કામ કરે છે.

(3) તે પૈસામાં રચ્યો રહી બધા સુખ ભોગવી શકે.

(4) મહેનતુ, દિલદાર બની આત્માને ઓળખી શકે.

(c) ઉદાર શેઠે સમજાવતા ભિખારીએ નક્કી કર્યું કે.... [1]

(1) તરત ત્યાંથી ચાલતી પકડવી.

(2) આ શેઠ તો ઉપદેશ આપે છે.

(3) મારે મફતનું તો નથી જ ખાવું.

(4) પૈસો હોવા છતાં દયા નથી.

(v) નીચેનાં વિધાનો માટે યોગ્ય વિકલ્પ શોધી જવાબ લખો.

(a) ભિખારીએ ઉદાર શેઠને ફરિયાદ કરી કે....... [1]

(1) મારી પાસે રહેવા માટે ઘર નથી.

(2) હું દુનિયાનો દુઃખીમાં દુઃખી માણસ છું.

(3) મને તમારે ત્યાં નોકરી કેમ નથી આપતા?

(4) હું કંગાળ અને નિસહાય છું.

(b) આ કંડિકાનું યોગ્ય શીર્ષક...... [1]

(1) ભિખારીને મદદ

(2) ચતુર ભિખારી

(3) આળસ જીવતા માણસની કબર

(4) કંજૂસ શેઠની માણસાઈ

(c) ગરીબીને આળસની સગી બહેન કહી છે કાર..... [1]

(1) પરિશ્રમ જ પારસમણિ.

(2) લોકો મોજશોખમાં હજારો રૂપિયા ઉડાડે છે.

(3) મફતનો રોટલો ખાવાની આદત હોય.

(4) જ્યાં આળસ ત્યાં ગરીબી.

**Question 3**

**Do as directed.**

**સૂચના અનુસાર કરો.**

(i) નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ લખો. [1]

મેથીપાક ચખાડવો

(ii) નીચે આપેલી કહેવતમાં યોગ્ય શબ્દનો ઉપયોગ કરી પૂર્ણ કરો. [1]

દોરડી બળે ..............................................................

(iii) ખાલી જગ્યામાં યોગ્ય રૂઢિપ્રયોગ વાપરી પૂર્ણ કરો. [1]

સાસરેથી આવેલી દીકરીને પિતાએ ઠપકો આપતા તેને .................... આવી ગયા.

(a) રડવું આવ્યું

(b) ઝળઝળિયા

(c) આંસુ આવ્યા

(d) આંખ ભીની થઈ

(iv) જમાનાની સાથે ચાલવા માટે .................................. થઈને રહેવું પડે છે. [1]

(a) જે કરવું હોય તે

(b) લડી-વઢીને

(c) જેવો દેશ તેવો વેશ

(d) જેમ-તેમ ચલાવીને

(v) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. [1]

૭૫ વર્ષે ઉજવાતો ઉત્સવ

(a) હીરક મહોત્સવ

(b) શતાબ્દી

(c) સુવર્ણમહોત્સવ

(d) અમૃતમહોત્સવ

(vi) આખા દેશમાં બોલતી ભાષા [1]

(a) માતૃભાષા

(b) પ્રાદેશિક ભાષા

(c) રાષ્ટ્રભાષા

(d) આંતરદેશીય ભાષા

(vii) નીચે આપેલ કહેવતનો ઉપયોગ કરી સાર્થક વાક્ય બનાવો. [1]

આપ ભલા તો જગ ભલા

(viii) નીચે આપેલા એક શબ્દ માટે શબ્દસમૂહ આપો. [1]

નમક હલાલ

(ix) નીચે આપેલા શબ્દો માટે યોગ્ય વિરોધી શબ્દ આપો. [1]

પ્રત્યક્ષ

(a) દુર્લક્ષ

(b) વિપક્ષ

(c) પરોક્ષ

(d) ઉપેક્ષ

(x) રંક [1]

(a) ગરીબ

(b) ભિખારી

(c) પ્રજા

(d) રાજા

## SECTION B
## LITERATURE - 40 MARKS

*Answer **four** questions from this section on **any three** out of the four prescribed textbooks.*

બ વિભાગમાં **ચાર** નિયત પાઠયપુસ્તકોમાંના **કોઈપણ ત્રણ** પુસ્તકોમાંથી ચાર પ્રશ્નોના જવાબ આપો.

### ગદ્ય સંચય (GADYA SANCHAY)

**Question 4**

'મારી સામે નાનાભાઇ જાણે અહોભાવથી તાકી રહ્યા. એમની આંખોમાં થોડી આશ્ચર્યની રેખાઓ પણ ચમકી ગઈ. એમણે કહ્યું, 'ત્યારે તો તમારી બા ભાગ્યશાળી ગણાય.'

હું કશું બોલ્યો નહીં. અમારા ગામના લોકો પણ એમ જ કહેતા, 'ડોશી ભાગ્યશાળી ખરા. દીકરા-દીકરીની ખરી ચાકરી પામ્યા. આ જમાનામાં સરવણ જેવી ચાકરિયું કોણ કરે છે?'

(i) ઉપરનું કથન કોણ કોને કહે છે? કઈ ડોશીને ભાગ્યશાળી કહ્યા છે? [1]

(ii) વાર્તાનાયકનું નામ આપી તેમના કુટુંબમાં કોણ કોણ છે તે જણાવો. [2]

(iii) ઝવેરીબાઈનો ટૂંકો પરિચય આપો. [2]

(iv) 'આ જમાનામાં સરવણની જેવી ચાકરિયું કોણ કરે છે.' આ કથનમાં વ્યક્ત થયેલ પસ્તાવાનું કારણ વાર્તાને આધારે લખો. [5]

**Question 5** [10]

'જક્ષણી' વાર્તાના લેખકનું નામ-ઉપનામ શું છે? વાર્તામાં રજૂ થયેલ પ્રસન્ન દાંપત્ય ભાવનાના બે ઉદાહરણો તમારા શબ્દોમાં લખો.

**Question 6** [10]

છકડાના વાર્તા નાયકનો પરિચય આપી તેની પ્રગતિનું કારણ અને અવસાનનું નિમિત શું બન્યું તે વાર્તાને આધારે જણાવો.

## પદ્ય સંચય (PADHYA SANCHAY)

**Question 7**

'હા! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે:
પાપી તેમાં ડૂબકી દઈને પૂણ્યશાળી બને છે.
પીપળ પાન ખરંતા, હસતી કૂંપળિયાં,
મુજ વીતી તુજ વિતશે: ધીરી બાપુડિયા.'

(i) પસ્તાવો એટ્લે શુ? માણસને પસ્તાવો ક્યારે થાય? [1]

(ii) પાપી પૂણ્યશાળી કઈ રીતે બને? ઉદાહરણ આપી સમજાવો. [2]

(iii) પીપળ પાન અને કૂંપળિયાની તુલના કોની સાથે થઈ છે? શા માટે? [2]

(iv) મુજ વીતી એટલે શું? આજના સમાજની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ તમારા જવાબનું સમર્થન કરો. [5]

**Question 8** [10]

હિતેન આનંદપરાની કઈ કવિતા શીખ્યા? તેમને એનાયત થયેલ એવોર્ડનો ઉલ્લેખ કરી, કાવ્યમાં પ્રસ્તુત પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય વર્ણવો.

**Question 9** [10]

ઉમાશંકર જોશીની કવિતાનું શીર્ષક લખો. કવિ જગત છોડતી વખતે શું શું સાથે લઈ જવાનું વિચારે છે? 'ખાલી' શબ્દ દ્વારા ઊઠતો ધ્વનિ કઈ રીતે રજૂ થયો છે?

# આંધળી ગલી (AANDHLI GALI)

**Question 10**

'કહું છુ, આજે મારી સાથે આવશો ને તમે?

ક્યાં?

માહિમ જઈ આવીએ, આજે બુધવાર છે.

તે?

આજે ત્યાંના ચર્ચનો ખાસ દિવસ છે. જે માંગીએ તે મળે.'

(i) માહિમ જવાની વાત કોણે કોને કરી ? **[1]**

(ii) ચર્ચમાં જઈ શુભાંગીને કઈ વાતની નવાઈ લાગી? **[2]**

(iii) ત્યાં જોયેલ લોકોને પોતે કયા કયા સ્થળે મળી હોવાનું લાગ્યું? તેઓના ભાવ કેવા હતા ? **[2]**

(iv) કુંદનનો દેખાવ કેવો હતો? તેમાં શું પરિવર્તન શુભાંગી નોંધે છે? **[5]**

**Question 11** **[10]**

કુંદનવિલા કેવી જગ્યા હતી? ત્યાં રહેવા પરેશને કઈ કઈ બાબતોનો સામનો કરવો પડ્યો તે વિસ્તારથી લખો.

**Question 12** **[10]**

'આંધળી ગલી' ના મિ. પારેખનું ચરિત્ર ચિત્રણ કરી તેમના ઘર અને કુંદન સાથેની પ્રથમ મુલાકાતનું વિવરણ કરો.

# ચિનુ મોદીના પ્રતિનિધિ એકાંકીઓ
## (CHINU MODINA PRATINIDHI EKANKIO)

**Question 13**

'સવિતા: મુંઉ એમનું આ ઘેલું: ના, ના, આ મોટા મીર માર્યા છે તે અત્યારે ફોટું પાડવાનું? હેં ભૈ, આ તમે જ કહો મુંઉ પેટમાં પેલું ફરકતું હોય ને વોય વોય બધુ સખળડખળ થતું હોય, બધુ અંદર ચૂંથાતું હોય એ ઘડીએ આ ફોટાના તૂત ના કાઢ્યાં હોય તો ના ચાલે?'

(i) સવિતાબેન ક્યાં આવ્યા છે? શા માટે? **[1]**

(ii) ફોટો પડાવવા વિષે સવિતાબેનના મનોભાવ જણાવો. **[2]**

(iii) ફોટોગ્રાફરને હસમુખ માટે કેવી લાગણી હતી તેનું એક ઉદાહરણ આપો. **[2]**

(iv) ફોટોગ્રાફર પાસે સવિતાબેન કેટલી વાર આવ્યા? છેલ્લીવાર ફોટો માટે આવ્યા ત્યારે સવિતા પોતાનું દુઃખ કઈ રીતે વ્યક્ત કરે છે? **[5]**

**Question 14** **[10]**

'ઝાલ્યા ન રહ્યા'માં વ્યક્ત થતો રેવલીની ભ્રમિત ચિત્તદશાનો પરિચય આપી તેના પ્રણયભંગની કથા તમારા શબ્દોમાં રજૂ કરો.

**Question 15** **[10]**

ભોળા શંભુએ વૃકાસુરને શું વરદાન આપ્યું? તેનું શું પરિણામ આવ્યું? તે ભસ્માસુરના નામને શી રીતે સિદ્ધ કરે છે તે એકાંકીને આધારે જણાવો.